જિલ્લા/તાલુકાપંચાયતો દ્વારા
ગ્રામ પંચાયતોને કામો સોંપવા બાબત

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સુધારા પરિપત્ર ક્રમાંકઃ પરસ-૧૦૨૦૧૨-૯૦૨-જ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૯-૮-૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃપરસ-૧૦૮૯ -૧૦૪-૯૦-જ, તા. ૨૪-૯-૧૯૯૧,

(૨) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો સુધારા ક્રમાંકઃપરસ-૧૦૮૯-૧૦૪-(૯૦)-જ, તા. ૨૩-૯-૧૯૯૨

સુધારો

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના આમુખમાં વંચાણે લીધેલ પરિપત્ર ક્રમાંકઃ (૧) અને ત્યાર પછી ક્રમાંક (૨)ના સુધારાથી જિલ્લા/તાલુકા પંચાયતો દ્વારા ગ્રામ પંચાયતને લગતાં રૂ ૨.૦૦ લાખ સુધીની રકમના વિકાસના કામો વિના ટેન્ડરે સબંધિત ગ્રામ પંચાયત મારફત કરવા માટેની સુચનાઓ હાલ અમલી છે.

૨. આ સૂચનાઓ સને ૧૯૯૨-૯૩ થી અમલી છે ત્યારબાદ બજારમાં માલસામાન- સીમેન્ટ, લોખંડ, ઇંટો તથા મજુરીના ભાવોમાં થયેલ ભાવ વધારાને ધ્યાને લઇ, આમુખમાં વંચાણે લીધે ક્રમ-(૧) અને (૨) થી નકકી કરેલ રૂ.૨.૦૦ લાખની મર્યાદામાં વધારો કરવો અત્યંત જરૂરી બનેલ હોઇ, હાલની રૂ.૨.૦૦ લાખની મર્યાદા વધારીને રૂ.૫.૦૦ લાખ કરવાનું આથી નકકી કરવામાં આવે છે. આ અંગેની અન્ય શરતો/ જોગવાઇઓ તા.૨૪-૯-૧૯૯૧ના વખતો વખત સુધારેલા પરિપત્રમાં નકકી કર્યા મુજબની રહેશે.

3. આ સુધારા પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૨-૮-૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિર્વાણ શાહ )
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી(તાબા હેઠળની તમામ ગ્રામ પચાયતોને નકલ પુરી પાડવાની વિનંતી સહ)
- એકાઉન્ટન્ટ જનલરશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નાણા શાખા(પં)પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ

-ના.સે.અ. સિલેકટ ફાઈલ